ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/ ૬૯
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૦/૦૬/૨૦૧૮

## // પરિપત્ર //

વિષયઃ- નિગમની અનસેચ્યુરેટેડ વસાહતોમાં આનુસાંગિક સુવિધાના ભાગરૂપે વીજ સબ સ્ટેશન અને ગેસ સ્ટેશન માટે સરકારી કંપનીને ફાળવણી કિંમતમાં રાહત આપવા બાબત.

સંદર્ભઃ- નિયામક મંડળશ્રીની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૪/પ્રિ-વિતરણ/૫૦૦, તા.૨૨/૦૫/૨૦૧૮.

નિગમની જુદી-જુદી વસાહતોમાં પ્લોટ/શેડ/વાણિજય મિલકતોની વિગેરેની ફાળવણી સાથેસાથે વસાહતને આનુસાંગિક સુવિધાઓ જેવી કે, સ્કૂલ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કોમ્યુનીટી હોલ, પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઓફિસ માટે, આંગણવાડી, વીજ સબસ્ટેશન માટે જમીન ફાળવણી કરવામાં આવે છે. જેમાં ઉદ્યોગોને વીજ પૂરવઠા માટે પ્રાથમિક સુવિધાના ભાગરૂપે વીજ સબ સ્ટેશન અને ગેસ સ્ટેશન માટે સરકારશ્રી સંચાલિત વીજ કંપની અને ગેસ કંપનીને ૧૦૦% વિતરણ કિંમત વસૂલ મેળવી જમીન ફાળવવામાં આવે છે. આથી, પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને લઇ નિગમની અનસેચ્યુરેટેડ વસાહતોમાં ફકત સરકારશ્રી સંચાલિત કંપનીને વીજ સબસ્ટેશન અને ગેસ સ્ટેશન માટે મહત્તમ ૫૦૦૦ ચો.મી. સુધી જમીન જે તે ઝોનને અનુલક્ષીને પ્રવર્તમાન વિતરણ દરના ૫૦% દરે જમીન ફાળવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો.

ઉપરોકત જમીન ફાળવવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલશ્રીને રહેશે.

સહી/-
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ-૧શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

જનરલ મેનેજર (ઇએન્ડએ)